# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૫૯-A તા.૧૦-૯-૧૮

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે :-

વિષય – બાળકો માટે સંસ્કાર સિંચન શિબિર તથા સંસ્કાર પ્રેરનાર કાર્યક્રમ બાબત.

સંદર્ભ- – કમાંકઃ પ્રાશિનિ/નિતિ/૨૦૧૮/૫૬૦૯-૫૬૬૧, તા.૨૯/૦૮/૨૦૧૮

આથી મ્યુનિસિપલ શાળાના તમામ મુખ્યશિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, દાદાભગવાન પ્રેરિત ત્રિમંદીર સંકુલ, અમદાવાદ-કલોલ હાઇવે, અડાલજ, તા.જિ.ગાંધિનગરમાં તા.૧૫/૧૧/૨૦૧૮ થી તા.૨૫/૧૧/૨૦૧૮ દરમ્યાન સવારે ૯-૦૦ કલાકથી સાંજના ૪-૩૦ સુધી અડાલજ ખાતે દાદા ભગવાનની ૧૧૧ મી જન્મજયંતી ઉજવનાર હોઇ આ મહોત્સવમાં વિના મુલ્યે ચિલ્ડ્રન પાર્કની મુલાકાત લેવા શિક્ષકો/વિધાર્થીઓને લાભ લેવા જણાવવામાં આવે છે. આ ચિલ્ડ્રન પાર્કમાં ખાસ આકર્ષણોમાં પ્રામાણિકતા પર ખાસ એનિમેશન શો, ઉડાન નાના બાળકોને અભ્યાસકાળ દરમ્યાન આવતી મુશ્કેલીઓનો સામનો કરી શકે તે માટે મોટીવેશન શો, મોબાઇલ એડિકશન પર સ્પેશીયલ શો, આ સિવાય રમતોનો ઝોન, એકિટવીટી સેન્ટર અને ચિલ્ડ્રન પ્લે એરિયા, કિડઝાનિયા બાળકો માટેનું લર્નિંગ શો તથા એમ્ફી થિયેટરમાં ભાગ લેનાર દરેક શાળાના બાળકોને સ્ટેજ ઉપર કાર્યક્રમ રજુ કરવાની તક જેવા કાર્યક્રમો થનાર છે. **આ તમામ કાર્યક્રમોમાં વિના મુલ્યે પ્રવેશ છે.** વધુમાં આ મહોત્સવમાં બાળકોની સંસ્કાર સિંચન શિબિર દ્વારા સંસ્કાલક્ષી જીવન જીવવાની ચાવીઓ મેળવવા, બાળકો માટેના પપેટ શો, ફિલ્મ શો, પ્રદર્શનો, જ્ઞાનવર્ધક પુસ્તકો તથા રમતોનું વિશાળ પાયા પર આયોજન કરવામાં આવનાર છે. તેથી દરેક પ્રાથમિક શાળાના બાળકો ભારતીય સંસ્કૃતિને ઓળખી શકે પોતાના જીવનમાં સારી રીતે ઉતારી શકે તે હેતુસર શાળાઓ મારફતે બાળકો આ કાર્યક્રમનો લાભ લે તેવું ઇચ્છનીય છે. ઉપરોકત કાર્યક્રમો શાળાની અનુકૂળતા મુજબ સવૈચ્છિક રીતે લાભ લેવા જણાવવામાં આવે છે.

તા.૧૦-૯-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૫૯-B તા.૧૦-૯-૧૮

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે :-

વિષય : ધોરણ ૩ અને ૪ માં અંગ્રેજી અને ધોરણ ૪ માં હિન્દીનું શિક્ષણ કરાવવા બાબત.

સંદર્ભ : ૧.જીસીઈઆરટી//**C&E**/૨૦૧૮/૨૦૫૬૦ -૨૦૬૦૦ તા.૦૬/૦૯/૨૦૧૮.

૨.શિક્ષણ વિભાગનો તા.૦૨/૦૭/૨૦૧૧ નો ઠરાવ ક્રમાંક/જશભ/૧૨૧૧/૧૦૧/ન

આથી તમામ મ્યુનિ.શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે રાજ્ય સરકારના સંદર્ભિત ઠરાવ દ્વારા નિયત થયા મુજબ ધોરણ ૩ ના દ્વિતિય સત્રથી અંગ્રેજી અને ધોરણ ૪ ના દ્વિતિય સત્રથી હિન્દીનું શિક્ષણકાર્ય કરવાનું છે.આ માટે ધોરણ ૩ અને ૪ અંગ્રેજી માટે શિક્ષક આવૃત્તિ(**Teacher's Navigator -1** અને **Teacher's Navigator -2** )તેમજ હિન્દી ધોરણ ૪ ની શિક્ષક આવૃત્તિ તૈયાર કરવામાં આવેલી છે. જે અગાઉ દરેક શાળામાં આપવામાં આવી હતી. તેમજ જીસીઈઆરટીની વેબસાઈટ પર પણ ઉપલબ્ધ છે.ધોરણ ૩ માં અંગ્રેજી માટે ઉપયોગી વિડિયો પણ http://gcert.gujarat.gov.in/gcert/resourcebank/standard-3_eng.htm પર ઉપલબ્ધ છે. ધોરણ ૪ હિન્દી અને અંગ્રેજીના પાઠ્યપુસ્તકો પણ ગુજરાત રાજ્ય શાળા પાઠ્ય પુસ્તક મંડળ દ્વારા પ્રસિધ્ધ થયેલ છે અને તેની વેબસાઈટ http://gujarat-education.gov.in/Textbook/index.htm પર પણ ઉપલબ્ધ છે.રાજ્યસરકાર દ્વારા નિયત થયેલ અભ્યાસક્રમ મુજબ શિક્ષણકાર્ય કરાવવું ફરજિયાત હોઈ તમામ શાળાઓમાં નિયત અભ્યાસક્રમ મુજબ ધોરણ ૩ ના દ્વિતિય સત્રથી અંગ્રેજી અને ધોરણ ૪ ના દ્વિતિય સત્રથી હિન્દીનું શિક્ષણકાર્ય થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

સુપરવાઈઝરશ્રી અને સીઆરસી કો.ઓ.દ્વારા થતી નિયમિત શાળા મુલાકાત દરમિયાન ઉપરોક્ત બાબતે મોનીટરીંગ કરવામાં આવશે.

તા.૧૦-૯-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી